## Dave Viral Satishbhai
Kamnath Temple Street,
Vadva Chora, **Bhavnagar.**
Cell no : 9925400833/7779076930
Disability : Orthopedic Handicapped



# FORCE TO FIGHT

AT&T Technology Park provides not only computer skills but also inspires to fight for making a way for honorable career. I had a lot of bad experience in my life for being disabled. I did not lose courage and struggled for a bright and respectable career. I thank AT&T for all that it does for disabled youth.

# સંઘર્ષ સામે ટકી રહેવાનું બળ

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક વિકલાંગોને ખુબજ ઉપયોગી છે. વિકલાંગોને કોમ્પ્યુટર કોર્સ ઉપરાંત, વિકલાંગોને મદદરૂપ ઘણી બધી માહિતીઓ પણ, અહીંયાથી જાણવા મળે છે. મને પણ સંસ્થા ખુબજ ઉપયોગી થઈ હોવાથી, સંસ્થાનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

જીવનમાં ઘણાં કડવા અનુભવ થયા છે. વિકલાંગોને કોઈ સાથ આપે, કોઈ ન આપે. મનમાં ઘણાં દુઃખો હોય. વિકલાંગોની ખોડખાંપણ પ્રેમથી ઘણાં સ્વીકારે, ઘણાં ન સ્વીકારે અને તેમની મશ્કરી કરે છે. હાંસી ઉડાવે, ન કહેવાના વાકયો તેમને કહેવાય છે. આ સંસ્થા દ્વારા, સંઘર્ષ સામે ટકી રહેવાનું બળ, વિકલાંગોને મળે છે.





**Shekh Nasim Mohammadbhai**
Room no. 29, Gujarat Housing Board,
Nari Road, Kunbharwada, **Bhavnagar.**
Cell no : 9624704212
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 6,000



## AT&T TECHNOLOGY PARK
## MY FUTURE MAKER

I am locomotor disabled with both legs. Having undergone computer training in AT&T Technology Park, I got a job in Sir Takhtasinhji Hospital as case-writer.

My monthly salary is Rs. 6,000. My grateful thanks to AT&T Technology Park for making me self-reliant. I am now respected in the society.

## મારું ભવિષ્ય બનાવનાર
## એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક

હું બંને પગે વિકલાંગ છું. એ.ટી. એન્ડ ટી.ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર કોર્સ ઉપયોગી નિવડેલ છે અને મને ઘણો જ લાભ થયો છે.

કોમ્પ્યુટર શીખી હોવાથી, હાલમાં સર ટી. હોસ્પિટલ, ભાવનગરમાં, કેસ રાઈટર તરીકે રૂા. ૬૦૦૦/-ના પગારથી હું નોકરી કરી રહી છું. હું પગભર થઈ શકી છું અને સામાજીક દરજજો પણ મેળવી શકી છું.




**Atlani Jaykishan Prakashbhai**
"Shri Bramani", C-1308,
Kaliyabid, **Bhavnagar.**
Cell no : 9408207463
Disability : Cerebral Palsy



## NOTHING I LEARNT IN PRIVATE COMPUTER CLASS

Presently I am learning Basic Course in computer at AT&T Technology Park. Earlier I had joined a private computer class. But nothing I could achieve. When I see other disabled youth learning in AT&T Park, I am encouraged. Faculties and officials are very kind.

I have since come out of despair and poised for challenging jobs. I am greatly indebted to AT&T Technology Park.



## પ્રાઈવેટ કોમ્પ્યુટર કલાસમાં કંઈ આવડયુ નહીં

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, હું બેઝિક કોર્સ કરી રહયો છું. મને અહીં સારી રીતે કોમ્પ્યુટર શીખવાડે છે. અહીંયા કોમ્પ્યુટર કોર્સ શરૂ કરતાં પહેલાં, ભાવનગરના બે પ્રાઈવેટ કોમ્પ્યુટર કલાસીસમાં બે કોર્સ કર્યા, પણ ખાસ કંઈ આવડયું નહીં તેથી આત્મવિશ્વાસ ડગી ગયો.



મનમાં સતત ડર રહયા કરતો કે હું વિકલાંગ હોવાથી કોમ્પ્યુટર શીખી શકીશ નહીં. આ સંસ્થામાં મારા જેવા અન્ય વિકલાંગોને મેં જોયા. તેઓ જે કંઈ શીખી રહયાં હતાં, જે કંઈ શીખી ગયા હતાં, જે કંઈ સફળતા મેળવી હતી, તે જોઈને મને પણ આવી સફળતા મેળવવા માટે, મારા જુસ્સામાં વધારો થયો. અજાણ્યા વ્યક્તિઓ સાથે વાતચીત કરવામાં, પ્રશ્નો પૂછવામાં, મદદ લેવામાં, મને જે સંકોચ થતો હતો તે ધીમે ધીમે દૂર થયો છે. હું વિકલાંગ છું, અને મને કોઈ નોકરી નહીં આપે, તેવી લઘુતાગ્રંથી મારામાં હતી, તેમાંથી હું બહાર આવ્યો છું.

પ્રાઈવેટ કોમ્પ્યુટર કલાસમાં તાલિમ લીધી, તેનો કોઈ સંતોષ થયો ન હતો. અહીં વિકલાંગો માટે વિશિષ્ટ પધ્ધતિથી મને કોમ્પ્યુટર શીખવવામાં આવતા, હવે હું યોગ્ય રીતે કોમ્પ્યુટરની તાલિમ મેળવી રહયો છું. ઘરે બેઠાં નોકરી વિશેની કોઈ માહિતી પણ મળતી ન હતી. અહીં સંસ્થા દ્વારા, નોકરી વિશેની ઉપયોગી માહિતી પણ મળતી રહે છે.મારી યોગ્યતામાં વધારો થયો છે, તે માટે હું સંસ્થાનો આભાર માનું છું





## એ.ટી.એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કમાં વિશેષ તાલિમ

જનરલ ઈંગ્લીશના વર્ગ

## Special Training at AT&T Technology Park

General English Class





## Salot Jigar Virendrakumar

1, Sukhadiya Society,
1145/B, Ghogha Circle, **Bhavnagar.**
Cell no : 9879893934
Disability : Hearing Impaired
Monthly Salary : Rs. 10,000



## I TOOK COMPUTER SKILL SERIOUSLY

AT&T Technology Park where I underwent training in computer operating has proved a second home and future-maker. Though I am 100% hearing-impaired, with computer skill I am respected in workplace. I don't have words to express my gratitude to AT&T Park. Presently, I am with Spectravision, Bhavnagar.







## હું કોમ્પ્યુટરમાં આગળ વધી શક્યો કારણકે....

હું ૧૦૦ ટકા શ્રવણમંદ હોવા છતાં, મને અહીં સુધી પહોંચાડવામાં ઘણો જ સંઘર્ષ, મેં અને મારા માતા-પિતાએ કરેલ છે.

મને કોમ્પ્યુટરમાં રસ પડતા અને તે શીખવાની અત્યંત ધગશ હતી.હું કોમ્પ્યુટરમાં આગળ વધી શકયો, કારણ કે એ.ટી.એન્ડ ટી.ની સુવિધાઓ, સાથ સહકાર અને પ્રેરણા મળી છે.

હાલની નોકરીમાં, ઉપરી અધિકારી કોઈપણ વિકલાંગના સ્વાભિમાન ને ઠેસ ન પહોંચે, તે રીતે વર્તન કરે છે.

પી.એન.આર.સોસાયટીનો તો હું આભારી રહીશ કારણ કે સંસ્થાની મદદથી જ હું આજે સ્વમાનભેર જીવન જીવી શકું છું. હાલમાં હું સ્પેકટ્રાવિઝન કંપની, ભાવનગરમાં નોકરી કરી રહયો છું.

**Sheth Amit Bhogilal**
"Navkar", Madhavnagar, New Junction,
Nr. Chhabila Hanuman, **Surendranagar**
Cell no : 9904061224/9998562045
Disability : Hearing Impaired
Monthly Salary : Rs. 9,000



## WINDOW OF CAREER

I am 100% hearing-impaired. Having computer training in AT&T Technology Park in 2004, I got a job in Marwadi Shares & Finance Ltd. Surendranagar as a computer operator. My monthly salary is Rs. 2500. I continued to try for higher job.

Now I am with Designmet (I) Pvt. Ltd. drawing monthly salary of Rs. 9,000. The company has provided accommodation and boarding facilities. The PNR Society has also given me Award for my success. Thanks a lot to AT&T Technology Park.

## કારકીર્દી બનાવવાની બારી

હું ૧૦૦ ટકા શ્રવણમંદ છું. વર્ષ ૨૦૦૪ માં એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, કોમ્પ્યુટર ફન્ડામેન્ટલ કોર્સ કરેલ. જુલાઈ-૨૦૦૫ થી મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિ. સુરેન્દ્રનગરમાં, કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે  રૂા. ૨૫૦૦ના પગારથી નોકરી મળેલ. ઘણી જગ્યાએ મારો બાયોડેટા નોકરી માટે આપેલ. હાલમાં હું ડિઝાઈનમેટ (ઈ) પ્રા.લી. અમદાવાદમાં નોકરી કરું છું.





હાલ, મારો માસિક પગાર રૂા. ૯૦૦૦/- છે. કંપની તરફથી રહેવા જમવાની સુવિધા આપવામાં આવી છે. ૪ વ્યક્તિ વચ્ચે એક રૂમ આપવામાં આવ્યો છે. સવારે ચા-નાસ્તો તથા બંને સમય જમવાનું કંપની તરફથી આપવામાં આવે છે. મારી સફળતા બદલ પીએનઆર સોસાયટીએ મને એવોર્ડ પણ આપ્યો.






## એ.ટી.એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કમાં વિશેષ સહાય

### વ્યક્તિગત માર્ગદર્શન અને કાઉન્સેલિંગ

## Support at AT&T Technology Park

### Personal guidance and counselling





**Ghoyal Kishor Maganbhai**
Village : **Dihor,** Vaya-Trapaj,
Taluko : Talaja, District : Bhavnagar
Cell no : 9714817013
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 12,000



## DISABLED YOUTH ARE ATTRACTED FROM ALL OVER GUJARAT BECAUSE...

The AT&T Technology Park having hostel faciliy for disabled youths is a place where they learn computer skill and homely hostel free. This is the reason why disabled boys and girls all over Gujarat happily come here. Besides computer training, they also learn how to identity jobs for themselves and how they should face test and interview.

Only due to my computer skill imparted at AT&T Technology Park, I could get job in the Association of Professional Architects in Bhavnagar and then in DesignMet (I) Pvt. Ltd. My salary is Rs. 12000 per month and I am now independent. My grateful thanks to AT&T Technology Park.

## અહીં ગુજરાતભરમાંથી વિકલાંગ ભાઈ બહેનો આવે છે કારણ કે....

હોસ્ટેલની સુવિધા હોવાથી, વિકલાંગ ભાઈ - બહેનોને એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, કોમ્પ્યુટર ટ્રેઈનિંગ મેળવવી સરળ બની જાય છે. અહીં ગુજરાતભરના વિદ્યાર્થીઓ તાલિમ માટે આવતા હોવાથી, વિવિધ નોકરીઓની માહિતીની આપ-લે થાય છે અને તે માહિતીથી નોકરી મેળવવામાં અનુકુળતા રહે છે.કોમ્પ્યુટર ટ્રેઈનિંગ બાદ હું, "પીએટા" ભાવનગરમાં નોકરી મેળવી શકયો હતો.

હાલમાં, હું "ડિઝાઈનમેટ (ઈ) પ્રા.લિ.કંપની" માં નોકરી કરી રહયો છું. મારો પગાર રૂા. ૧૨૦૦૦/- છે.



